

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બટકણા સંબંધોની નિષ્ફળતા બોલે છે,*
*ને સત્તાની લૂખી ભૂખ હવે પોલ ખોલે છે*
*તોલે છે ત્રાંબીયાની, વડાપદનું ગૌરવ -*
*ને બદનામીમાં બચાવનાં ફીફાં ફોલે છે*

### હાઈકુ

*થશે નાટક!*
*એકાદ ઓપ્રેશનનું*
*ચૂંટણી પ્હેલાં...*

*સ્વાર્થ સંબંધ*
*સત્તા-પદની ભૂખ -*
*ગઠબંધન...*

### ચિંતન

***માન્ય એવ હિ માન્યાનાં માનં કુર્વન્તિ નેતરે ।***
***શંભુર્બિભર્તિ મૂર્ધેન્દુ સ્વર્માનુસ્તં જિવૃક્ષતિ ॥***

**ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્નભાંડાગાર માંથી લેવામાં આવેલ છે.**

**માન આપવા યોગ્ય ઉત્તમ પુરુષોનું માન ઉત્તમ પુરુષો જ કરે છે, બીજા કરતાં નથી, જેમ મહાદેવ શંકર ચંદ્રકલાને મસ્તક પર ધારણ કરે છે અને રાહુ તો તેને ગળી જાય છે.**

**આજકાલ એવોર્ડ-માન-સન્માન પણ લાગવગ અને પક્ષીય જૂથવાર થવા લાગ્યા છે. સાહિત્ય-કલાકારો - વિદ્વાનો પણ રાજકારણમાં વિભાજિત થવા લાગ્યા છે.**

**આમાં સાચા સાહિત્યકાર-કલાકારો જે નિષ્ફક્ષ અને તટસ્થ છે તેને કોઈ પૂછતું નથી કલાની કદર માટે તટસ્થ - વિવેકી દૃષ્ટિ હોવી જરૂરી છે. કદરદાન જ કલાની સાચી કદર કરી શકે.**

### સુવિચાર

- તમારા સમર્થકો તો તમારા વખાણ કરે,
  પણ તમારા વિરોધીઓ વખાણે ત્યારે સમજવું કે સર્વોત્તમ સુકિર્તી - **કાર્લ માર્ક્સ**
- હું શરીરનું અપમાન કરું છું, મન ને હડધૂત કરું છું, સંકલ્પને સાંખતો નથી,
  વિકલ્પોમાં વિખરાઉં છું અને છતાં ફરિયાદ કરું છું કે હું સુખી કેમ નથી ? - **જન્મભૂમિ**
- એકલો માણસ જો પોતાનાથી ન કંટાળે ત્યારે સમજવું કે એ ભીતરથી સમૃદ્ધ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- બોલ્યા પહેલા અને બોલ્યા પછી જે મૌન પાળે એનો અવાજ આપોઆપ નિખરતો જાય છે - **ટાગોર**
- સેવામાં સોદાગીરી નહીં, ફનાગીરી જોઈએ - **રવિશંકર મહારાજ**
- દુર્ભાગ્યની કાંટાળી કેડી પર હિંમતપૂર્વક પગ માંડનાર બીજાઓ માટે
  સાંત્વનના ફૂલ વેરતો જાય છે ? - **સ્પેનીશ કહેવત**
- આજનું ઔષધ : લોધરના ૩ પાન પીસી ઘીમાં શેકી સાકર મેળવી ખાવાથી ઉધરસમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સાચા હૃદયથી સંતે કથા કરી. એક શ્રોતા કથા પૂરી થયે મળવા આવ્યા અને કહ્યું, 'આપ સરસ કથા વાંચો છો, ખુબ આનંદ આવે છે મન પણ શાંત થાય છે પણ આ આનંદ કે શાંતિ લાંબુ ટકતાં નથી એનું કારણ શું હશે ?' સંતે કહ્યું, 'આપની વાત બિલકુલ સાચી છે, આ આપની જ નહીં બધાની વાત છે. તમે નિખાલસ કબૂલાત કરી, બીજા કોઈ કરતાં નથી. અનુભવ બધાનો એક સરખો જ છે કે સારી વાતો સાંભળી મજા આવે પછી હતા એવા ને એવા. તમે કાલે મારા ઉતારે આવજો હું તમને તમારા પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયત્ન કરીશ. શ્રોતા બીજા દિવસે સંતના ઉતારે પહોંચ્યા. સંતે એમને એક અલગ રૂમમાં બેસાડ્યા. જેમાં ફુલોની સરસ સુગંધ આપતી હતી. પણ થોડીકવારમાં જ ભયંકર દુર્ગંધ આવવા લાગી. શ્રોતાએએ સંતને આવું થવાનું કારણ પૂછ્યું. સંતે કહ્યું, 'આ રૂમની બારીની બહાર જોવો.'

ભયંકર વાસ ત્યાંથી આવે છે. રૂમના ચારે ખૂણાની જેમ આપણા ચાર અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારમાં પણ જાત જાતની ગંદકી ઠાંસી ઠાંસીને ભરી છે. જયારે સારી વાતો સાંભળીએ ત્યારે ગુલાબ - મોગરાના ફુલોની સુવાસથી મન આનંદિત થાય ને શાંતિ અનુભવાય પણ પછી થોડી જ વારમાં પેલી ગંદગી પોતાનું આધિપત્ય જમાવે છે.'

સારી વાતોના આનંદનું સાતત્ય જાળવવું હોય તો સૌ પ્રથમ અંતઃકરણની ગંદકીને સાફ કરવું પડશે. જો અંતઃકરણ ચોખ્ખું હશે તો ફુલોના ઢગલાની જરૂર નથી. એકાદ નાનું ફૂલ પણ સતત મહેક આપતું રહેશે.

# કાશ્મીર મુદ્દે ફંટાતું રાજકારણ

**તંત્રીસ્થાનેથી...**

જમ્મુ અને કાશ્મીરની મહેબૂબા મુફતી સરકારને ટેકો પાછો ખેંચી લીધા પછી ભારતીય જનતા પાર્ટી રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગઈ છે. પક્ષ પ્રમુખ અમિત શાહને તત્કાળ પરિસ્થિતિ સંભાળી લેવા અને ડૅમેજ કંટ્રોલ કરવાની જવાબદારી સોંપાઈ હોય એમ તેઓએ આ સરહદી રાજયમાં પહોંચી જઈ જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીને સંભારવા પડ્યા. શ્યામાપ્રસાદ મુખરજી નહેરુ મંત્રીમંડળના સભ્ય હતા તે નવી પેઢીના હિંદુત્વવાળી નેતાઓ જાણતા હશે કે કેમ તે પ્રશ્ન છે. કાશ્મીરનું ભારત સાથેનું જોડાણ શ્યામાપ્રસાદને આભારી હોવાનું ભાજપ પ્રમુખનું નિવેદન નવાઈ પમાડે એવું છે. બ્રિટીશ સરકારે તો રાજા રજવાડાંને જેની સાથે જોડાવું હોય એની સાથે જોડાવાની છૂટ આપી હતી. કાશ્મીરના મહારાજા હરિસિંહ અવઢવમાં હતા. કબાઈલીઓના હુમલા પછી એ ચેત્યા અને શેખ અબ્દુલ્લાને વજીરે આઝમ બનાવવા ભારત સરકાર સહમત થઈ. કાશ્મીરને ભારત સાથે જોડાવાનું શ્રેય શેખ અબ્દુલ્લા અને મહારાજા હરિસિંહને પણ અપાતું રહ્યું છે. પંડિત જવાહરલાલ નહેરુને એમના પૂર્વજોના વતન કાશ્મીરમાં વિશેષ રસ હોય તે સ્વાભાવિક છે. એમને કાશ્મીર વિવાદ યુનોમાં જાય તો ભલે જાય પણ કાશ્મીર ભારત સાથે રહેવું જોઈએ એવું વલણ દાખવ્યું. આથી ભાજપ અગ્રણીઓ નહેરુ પર કાશ્મીર વિવાદ માટેનો દોષનો ટોપલો ઢોળતા રહ્યા છે. આઝાદી પછી જમ્મુ અને કાશ્મીરમાં વારંવાર સરકારો બદલાતી રહી છે અને વિવાદાસ્પદ રીતે ખંડિત થઈ રહી છે. પહેલા 'વજીરે આઝમ' શેખ અબ્દુલ્લાને ખુદ પંડિત નહેરુની સરકારે નજરકેદ રાખવા પડ્યા હતા. જો કે કાશ્મીર ખીણના 'આઝાદ કાશ્મીર' તરીકે ઓળખાતા પાક અધિકૃત કાશ્મીર અને પાડોશી રાષ્ટ્ર પાકિસ્તાન સાથે લોહીની સગાઈ હોવાથી જમ્મુ અને કાશ્મીર દેશના અન્ય પ્રદેશો કરતાં ખાસ દરજ્જો ભોગવતું રાજય છે. ૩૭૦મી કલમ અને ૩૫ એ કલમ જેવી વિશિષ્ટ કલમો દ્વારા જમ્મુ અને કાશ્મીર રાજયમાં દેશનાં અન્ય રાજયોના નાગરિકો મિલકત ધરાવી કે ખરીદી શકતા નથી. સૈફુદીન સોઝ અને ગુલામનબી આઝાદ જેવા કાશ્મીરના નેતાઓ કોંગ્રેસમાં મહત્ત્વનાં સ્થાન ધરાવતા હોવા છતાં ખીણના નાગરિકોની તરફેણ કરતાં નિવેદન કરતાં મર્યાદા ઓળંગી જતા હોય છે. સૈફુદ્દીન સોઝે એમની આત્મકથામાં કાશ્મીરની સ્વતંત્રતાની તરફેણ કરી છે અને પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફે કરેલ નિવેદન કે કાશ્મીરની પ્રજાનો મત લેવામાં આવે તો તે ભારત-પાકિસ્તાન સાથે જોડાવા કરતાં સ્વતંત્ર દેશ બનવાનું પસંદ કરશે - એવું સમર્થન કર્યું છે. ગુલામ નબી આઝાદે 'ઑપરેશન ઑલ આઉટ'ના બહાને આતંકવાદીઓની સરખામણીમાં કાશ્મીરના નિર્દોષ નાગરિકોનો સફાયો થતો હોવાનું નિવેનદ કરીને પાર્ટીને મૂંઝવણમાં મૂકી દીધી છે. ભારતીય જનતા પાર્ટીએ જમ્મુ અને કાશ્મીરમાં સત્તામાં ભાગીદારી કરીને જે ભાંગરો વાટ્યો હતો એની સામે ખુદ કોંગ્રેસના જ કાશ્મીરી નેતાઓ આવા મુદ્દા સામે ચાલીને આપી રહ્યા છે. ભાજપ પાસે ભંડકિયામાં પહેલો ૩૭૦મી કલમનો મુદ્દો પણ ઉછાળો મારીને ચૂંટણી ટાણે બહાર આવી જશે. પોતાની ભઊલો છાવરીને કાશ્મીર મુદ્દા પર જ આખા દેશને ચકડોળે ચડાવવાનું ભાજપને ફાવે એવું છે. કોંગ્રેસ અને ગઠબંધન સાથે સંકળાયેલ પ્રાદેશિક પક્ષો ભાજપના ધુઆંધાર મોદી બ્રાન્ડ પ્રચાર સામે કેવી રીતે ઝીંક ઝીલી શકશે એ તો સમય જ કહેશે.

# લગ્નની ઉંમર ના થાય તો પણ લીવ ઈનમાં રહી શકે છે



## કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

સુપ્રિમ કોર્ટે એક વાર ફરી સાચી પસંદ કરવામાં વ્યક્તિની પસંદગીને મહત્વ આપતો ચુકાદો આપેલ છે. એ સગીરો લગ્નની ઉંમરના હોવા છતાં એક બીજાની સાથે લીવ ઈનમાં રહી શકે છે. એક છોકરાની ૨૦ વર્ષની ઉંમર અને છોકરીની ૧૯ વર્ષની ઉંમર હોવા છતાં લગ્ન કરવા માટે એક બીજાની સાથે રહેવા પરવાનગી સુપ્રિમ કોર્ટે આપેલ છે. સુપ્રિમ કોર્ટે સગીરોના લગ્ન રદબાતલ ઠરાવી યુવતીને તેના માતા પિતા પાસે જવાના કેરાલા હાઈકોર્ટના ફેંસલાને રદ કરતો હુકમ કરેલ છે.


જસ્ટીસ એ. કે. સીકરી અને જસ્ટીસ અશોક ભુષણની પીઢે હાઈકોર્ટના હુકમ વિરૂધ્ધ છોકરાએ કરેલ પીટીશન સ્વીકારતા કરેલ છે આ મામલામાં છોકરો અને છોકરી બન્ને હિન્દુ છે. હાલના સંજોગોમાં છોકરા છોકરી બન્ને સગીર છે છોકરાની ઉંમરના કારણે વિવાદ છે જે હાલમાં ૨૧ વર્ષનો થયો નથી બન્નેના લગ્ન ૧૨/૪/૨૦૧૭ ના રોજ લવમેરેજ થયા હતા છોકરીના માતા પિતા લગ્નથી નારાજ હતા તેમણે પોતાની છોકરી પરત મેળવવા માટે કેરાલા હાઈકોર્ટમાં પીટીશન કરી લગ્ન રદબાતલ ઠરાવવા માંગણી કરેલ. સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે લગ્નની ઉંમર ૨૧ વર્ષની છે પરંતુ વયસ્ક ના હોવાના કારણે બન્નેને પસંદગીન અધિકાર ઉપર તરાપ મારી શકાય નહિ. બન્ને સગીરો સાથે રહેવા માંગતા હોય તો કાયદો તેને અટકાવી શકે નહિ ૧૮ વર્ષ ઉપરની ઉંમરમાં બન્ને સમજુ તથા સારાનરસાનું ભાન હોવા અંગે કોઈ શક નથી. આના આધારે સગીરોના થયેલા લગ્ન બન્નેની પસંદગીના હોય રદ ના થઈ શકે.

કાયદામાં સગીરોના લગ્ન શરૂઆતથી રદબાતલ નથી બન્નેમાંથી એકની ના પસંદગી હોય તો જ લગ્ન રદબાતલ ઠરે. લગ્નની યોગ્ય ઉંમર ના હોવા ના કારણે વયસ્ક વ્યક્તિઓ લગ્ન વગર એક બીજા સાથે પસંદગીથી રહી શકે છે લગ્નએ સાથે રહેવાનો અધિકાર છે. કાયદામાં પણ લીવ ઈન રીલેશનમાં માન્યતા આપવામાં આવી છે ઘરેલુ હિંસા ૨૦૦૫ ના કાયદાથી પણ લીવ ઈન રીલેશનને માન્યતા આપવામાં આવી છે.

વ્યક્તિની પસંદગીનો સિધ્ધાંતિક મૌલીક અધિકાર છે જેના ઉપર હાઈકોર્ટના ફેંસલાથી તરાપ મારી શકાય નહિ. પસંદગીના અધિકારને પ્રાધાન્ય આપી વયસ્કોની લગ્નની ઉંમર ના હોવાના કારણે એક બીજા સાથે લીવ ઈન રીલેશનમાં રહેતા કોઈ કાયદો ના પાડી શકે નહિ પસંદગીરનો સિધ્ધાંત બન્નેનો મૌલીક અધિકાર છે. લગ્ન ગેરકાયદેસર છે કે નહિ તેમાં તથ્ય નથી પરંતુ બન્ને વયસ્કો સાથે જીવવા માંગતા હોય તો લગ્ન વગર પણ તેમને સાથે રહેતા કોઈ અટકાવી શકે નહિ કાયદો તેમાં અવરોધ રૂપ બની શકે નહિ જો બન્ને સગીરો હોય તો વાત અલગ છે.

ગયા વર્ષે એપ્રિલમાં થયેલ વયસ્કોની લગ્ન સમયે છોકરીની ઉંમર ૧૯ વર્ષ અને છોકરાની ઉંમર ૨૦ વર્ષની હતી, છોકરીના પિતાએ છોકરી લાપત્તા હોવાની પોલીસ ફરીયાદ નોંધાવેલ પોલીસે મામલાની ખરી તપાસ કરતા હાઈકોર્ટમાં પ્રત્યક્ષીકરણ યાચીકા દાખલ કરવામાં આવેલ હાઈકોર્ટે પોલીસને છોકરા, છોકરી બંન્નેને હાજર કરવા ફરમાન કરેલ જેમાં હાઈકોર્ટે છોકરાની ઉંમર ૨૧ વર્ષના હોવાથી કરેલ લગ્ન ફોક ગણેલ અને છોકરીને પરત પિતાના ઘરે રહેવા મોકલી આપવા આદેશ કરેલ આ ચુકાદા વિરૂધ્ધ છોકરાએ સુપ્રિમમાં અપીલ કરતા નામદાર સુપ્રિમ કોર્ટે બન્ને પક્ષોને સાંભળી છોકરીની મરજી જાણી લગ્ન કાયદેસર છે કે નહિ તે બાબતમાં ઉંડા ઉતર્યા સીવાય તેમજ લગ્ન કાયદેસર છે કે નહિ તે બાબતને ઉપેક્ષીત માની વયસ્ક છોકરા છોકરી પોતે બન્ને એક બીજાની પસંદગીથી મરજીથી એક બીજાની સાથે રહેવા માંગતા હોય કાયદો પસંદગીના મૌલીક અધિકાર છીનવી શકે નહિ તેમ માની છોકરાની અપીલ મંજુર કરી હાઈકોર્ટનો હુકમ અમાન્ય ઠરાવી બન્નેને સાથે રહેવા માટે સંમતી આપેલ.

# પહેલા વરસાદનું વરસાદી વ્હાલઅપ સૌને મુબારક



**ગાજે ગગને મેહુલિયા રે,**
**વાજે વરસાદ-ઝડી.**
**મારા નાના ખેતરને રે**
**શેઢે હું તો એકલડી !**

**- ઝવેરચંદ મેઘાણી**

વરસાદ એટલે ધરતી પર હરિવરની સાક્ષાત્ પધરામણી. સમય વીતતો ચાલ્યો તેમ ઘણાં પરિવર્તનો આવ્યા, ઘણી પ્રગતિ થઈ અને માનવી પૃથ્વી ચંદ્ર અને સૂર્યના અવનવા રહસ્યો સુધી પહોંચી શક્યો. પણ આજે આટ-આટલા પરિવર્તન છતાં પ્રકૃતિનો પ્રેમ વ્યક્તિને એટલો જ આકર્ષી રહ્યો છે. પહેલા વરસાદના પહેલા અમીછાંટણાનો લ્હાવો માણવા એ આજે પણ મોબાઈલ, કોમ્પ્યુટર કે ટીવી મૂકીને અને અગત્યના રોજિંદા કાર્યો ભૂલીને પણ આતુર બની જ ઊઠે છે. વરસાદનું વ્હાલ કોઈને પણ છેક અંદર સુધી ભીંજવી શકે એટલી તેનામાં તાકાત રહેલી છે. સંવેદનરહિત કે ટેકનો-સેવી વ્યક્તિ પણ વરસાદના રોમાંચમાં થોડા છબછબિયાં તો કરી જ લે છે. આપણા જાણીતા અને માનીતા કવિ ભાગ્યેશ જહાએ તો પહેલા વરસાદને સુંદર ગીતમાં વર્ણવીને આપણને વરસાદની સાથોસાથ કવિતાના રસમાં પણ રસતરબોળ કરાવી દીધા છે :

**આ વાયરાના તોફાને આવેલા**
**વરસાદે ઉબંરની મર્યાદા તોડી;**
**એક બિંદુ ઝીલી ને આંખ એવી કુદી**
**કે એણે આભ સાથે વાર્તા જોડી.**
**આ બારીમાં ટપકે છે ભીનું આકાશ**
**અને ચોમાસું છલકે ચોપાસ;**
**અહીં શેરીનાં દિવામાં એકલતા સળગે છે**
**ઉપર છે કાળું આકાશ.**
**આ પાણીનાં બાણ બધાં વિંધે ગુલાબને,**
**ને આભે પણ કળીઓને તોડી.**
**એક બિંદુ ઝીલી ને આંખ એવી ઉગી**
**કે એણે આભ સાથે વાર્તા જોડી.**
**વૃક્ષોની નજરોનું પાથરણું પાથરીને**
**ધરતી એ ઓઢી'તી લીલાશ,**
**આ વરસાદે પલળેલું એકાકી ઝાડ,**
**એમાં આજે પણ કોરું આકાશ.**
**આ ધોધમાર પાણીનાં વહેતાં**
**પ્રવાહમાં પગલાં એ કેડી એક છોડી.**
**એક બિંદુ ઝીલી ને આંખ એવી ઉગી**
**કે એણે આભ સાથે વાર્તા જોડી.**

**- ભાગ્યેશ જહા**



## WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

વરસાદ એ દરેકનો આગવો-અલાયદો સાથી રહ્યો છે. દરેકનો વરસાદ-ખાસ કરીને પહેલો વરસાદ વ્હાલો હોય પણ કારણ દરેકના અલગ હોય. કોઈના માટે એ સાક્ષાત્ હરિવર તો વળી કોઈના માટે વ્હાલસોયા મોટી દાઢીવાળા દાદાનું અવિરત નીતરતું વ્હાલ ! કોઈના માટે નાના બાળકનું ખિલખિલાત હસતું રમતિહાળ હાસ્ય તો કોઈના માટે છૂપા આંસુને મન ભરીને વહેવડાવી શકવાનું એક સાધન ! કોઈના માટે પ્રેમનું ખુલ્લું આલિંગન તો કોઈના માટે વિરહની અસહ્ય - અપાર વેદના ! અને કવિઓને માટે તો વરસાદ એ એમની કલમ માટેનું એક ખુલ્લા આકાશ સમું વિશાળ ફલક! કવિ વિસ્મય લુહાર લખે છે :

**પ્રથમ તારો ભીનો ભીનો ભીતરથી સાદ આવે છે !**
**મને મળવા પછી તું પહેરીને વરસાદ આવે છે !**
**રહ્યાં'તાં કોરાંકટ બસ આપણે એકવાર પલળીને,**
**હવે તરબોળ તન-મનને એ ઘટના યાદ આવે છે.**
**નિરંતર વાદળાં ને વીજળી છે આપણામાં પણ,**
**અને આપણને આડી એજ તો મરજાદ આવે છે.**

**- વિસ્મય લુહાર**

સાથે પલળીને પણ કોરાંકટ રહી જવાય એ મર્યાદા ક્યારેક પલાળે છે, ક્યારેક તરસાવે છે...

પહેલા વરસાદનું વરસાદી વ્હાલઅપ સૌને મુબારક અને આ વર્ષે વરસાદ સૃષ્ટિને જ નહિ અંતરમનને પણ ભીંજવે અને નાન્હાલાલ કવિની આ ઉક્તિ ઠગારી નીવડે એ જ શુભકામનાઓ.

● ● ●

સરોવર ભરિયાં, સાગર ભરિયા, ભરિયાં આભ અનંત;
એક ખાલી અમ ઉરની કટોરી, હરિ !

- nehalgadhavi101@gmail.com

# ઈતિહાસનું પુનરાવર્તન : પંજાબમાં ફરી ખાલિસ્તાનનું ભૂત ધૂણવા માંડ્યું



## અતિતની આજ

ડો. હરિ દેસાઈ

- વિધાનસભામાં વિપક્ષના નેતા સુખપાલ સિંહ ખૈહરાનું વર્ષ ૨૦૨૦માં શીખ રૅફરન્ડમ કરાવવાનું ઉંબાડિયું
- કેજરીવાલને કૉંગ્રેસ-ભાજપે ભીંસમાં લીધા કે "આપ" દેશને તોડવાના ખૈહરાના એજન્ડાને ટેકો આપે છે કે?
- કેપ્ટન અમરિંદર ઉગ્રવાદી જૂથના શીખોના નિમંત્રણથી કૅનેડા જઈ એમના સમારંભમાં હાજર રહ્યા હતા !
- લોકસભાની આગામી ચૂંટણી પહેલાં તો ઘણા બધા નિવેદન-ખેલ અને પક્ષપલટાની કવાયતો જોવા મળશે

પંજાબ રાજ્યનો ઈતિહાસ નિરાળો છેઃ જ્યારે જ્યારે શિરોમણિ અકાલી દળ સત્તા ગુમાવે છે, ત્યારે અલગ શીખીસ્તાન કે ખાલિસ્તાનનું ભૂત ધૂણવા માંડે છે. અકાલી દળ—ભાજપની સરકારને વિધાનસભાની ચૂંટણીમાં પછડાટ આપીને કૉંગ્રેસના કેપ્ટન અમરિન્દર સિંહની સરકારને હજુ એકાદ વર્ષ પૂરું પણ થયું નથી ત્યાં વર્ષ ૨૦૨૦ શીખો માટેના અલગ દેશ ખાલિસ્તાન માટે જનમત (રૅફરન્ડમ) યોજવાની દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના આમ આદમી પક્ષના પંજાબના નેતા અને વિધાનસભામાં વિપક્ષ નેતા સુખપાલ સિંહ ખૈહરાએ કરેલી માગણીએ ભડકો કર્યો છે. નવાઈ એ વાતની છે કે કેજરીવાલના પક્ષના પંજાબ એકમમાં બધું સખળડખળ છે. પંજાબનો 'આપ' એકમ કેજરીવાલના કહ્યામાં નથી, છતાં વિધાનસભામાં અકાલી-ભાજપને ત્રીજા સ્થાને હડસેલીને એ મુખ્ય વિપક્ષ બની શક્યો છે. રાજ્યમાં કૉંગ્રેસ સત્તામાં આવી એ પહેલાંનો દાયકો અકાલી દળ અને ભાજપએ સાથે મળીને રાજ કર્યું. મુખ્ય પ્રધાન તરીકે પ્રકાશ સિંહ બાદલ અને નાયબ મુખ્ય પ્રધાન તરીકે એમના પુત્ર સુખબીર સિંહ બાદલ હતા. અત્યારે સુખબીરનાં પત્ની હરસિમરત કૌર કેન્દ્રમાં પ્રધાન છે.

**અમરિન્દરનો કેજરીવાલને પડકાર**

પતિયાળાના 'મહારાજા' કેપ્ટન અમરિન્દર સિંહ અને વિપક્ષના નેતા સુખપાલ સિંહ ખૈહરા વચ્ચે વર્ષ ૨૦૨૦માં શીખોના જનમત અંગે વાક્યુદ્ધ શરૂ થયું છે. બંને જણા ટ્વિટર પર એકમેકને ભાંડવામાં વ્યસ્ત છે અને અકાલી નેતાગીરી એની મજા લઈ રહી છે. જોકે આ સમગ્ર મામલો માત્ર પંજાબ અને ભારતમાં જ વસતા શીખોને સ્પર્શતો નહીં રહેતાં દુનિયાભરના શીખોની ભાવના સાથે સંબંધ ધરાવતો બની રહ્યો છે. અત્યારે કૉંગ્રેસના મુખ્ય પ્રધાન કેપ્ટન અમરિન્દરે 'આપ'ના સુપ્રીમો એવા કેજરીવાલને સ્પષ્ટતા કરવાનું કહ્યું છે કે એમનો પક્ષ ભારતને તોડવાના આ ખૈહરાના એજન્ડાને ટેકો આપે છે કે? ખૈહરા દિલ્હી દોડી ગયા તો કેજરીવાલે મળવાનો નન્નો ભણ્યો.નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ તો એમણે મળવાનું કબૂલ્યું પણ પક્ષને મૂંઝવણમાં મૂકે એવા ૨૦૨૦ના શીખ જનમત અનેખાલિસ્તાન અંગે જાહેરમાં સ્પષ્ટતા કરવા કહ્યું.

કેજરીવાલ દિલ્હીના રાજ નિવાસમાં પોતાના નાયબ મુખ્ય પ્રધાન અને બીજા પ્રધાનો સાથે નવ દિવસ ધરણાં કરીને માંડ આઈએએસ અધિકારીઓ સાથે સમાધાનને મારગ છે. આવા સમયે વિપક્ષના ચાર મુખ્ય પ્રધાન મમતા બેનરજી (પશ્રિમ બંગાળ), પીનરાઈ વિજયન્ (કેરળ), નર ચંદ્રબાબુ નાયડુ (આંધ્ર પ્રદેશ) અને એચ. ડી. કુમારસ્વામી (કર્ણાટક) કેજરીવાલને રાજનિવાસમાં મળવાની નાયબ રાજ્યપાલની મંજૂરી નહીં મળતાં દિલ્હીના મુખ્ય પ્રધાનના નિવાસસ્થાને જઈને શ્રીમતી કેજરીવાલને મળીને એમના ધરણાને નૈતિક ટેકો આપી આવ્યા. ચારેય મુખ્યમંત્રીઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દિલ્હીના મુખ્ય પ્રધાન અને તેમના નાયબ રાજ્યપાલ તથા આઈએએસ અધિકારીઓ વચ્ચેની મડાગાંઠ ઉકેલવા પગલાં લેવા વિનંતી પણ કરી.

નીતિ આયોગની વડા પ્રધાનની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં હાજરી આપવા દિલ્હી આવેલા ઉપરોક્ત ચારેય મુખ્ય પ્રધાનોએ બેઠકમાં હાજરી આપી, પણ દિલ્હીના મુખ્ય પ્રધાન કેજરીવાલે હાજરી આપી નહોતી. જોકે નીતિ આયોગની બેઠકમાં મુખ્ય પ્રધાનોની હાજરી અપેક્ષિત હોય છે. જ્યારે કેજરીવાલ રાજનિવાસમાં ધરણાં કરી રહ્યા હતા ત્યારે નાયબ રાજ્યપાલ અનિલ બૈજલ નીતિ આયોગની બેઠકમાં હાજરી આપતા હતા. કેજરીવાલે સવાલ પણ કર્યો કે મેં એમને હાજરી આપવા નિયુક્ત કર્યા નહોતા. છતાં કેમ ગયા? જોકે નીતિ આયોગ બાજી સંભાળી લે છે. દિલ્હી વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં ભાજપ અને કૉંગ્રેસનાં સૂપડાં સાફ કરવામાં સફળ રહેલા કેજરીવાલ અને એમના પક્ષના નેતાઓમાં આંતરકલહ જગજાહેર છે. સાથે જ વડા પ્રધાન મોદી એમને સુખે પ્રજાની સેવા કરવા દેતા નહીં હોવાનો આક્ષેપ પણ એ કરતા રહ્યા છે.

**પંજાબ 'આપ'ના નેતા આક્રમક**

પંજાબના મુખ્ય પ્રધાન કેપ્ટન અમરિન્દરે 'આપ'ના નેતા ખૈહરા સામે ભાગલાવાદી પ્રવૃત્તિ આદરવાના આક્ષેપ કર્યા છે. તેમની સામે ફોજદારી ખટલો દાખલ કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. ખૈહરા 'શીખ રેફરન્ડમ ૨૦૨૦'ની પોતાની વાતને ખાલિસ્તાન સાથે સંબંધ નહીં હોવાનું જણાવે છે. ઉલટાનું એમણે કેપ્ટન અમરિન્દર સામે આક્ષેપ કર્યો છે કે તેઓ ઉગ્રવાદી જૂથના શીખોના નિમંત્રણથી કેનેડા ગયા હતા અને એમના સમારંભમાં હાજર પણ રહ્યા હતા. એમણે કેપ્ટનની તસવીરો પણ પ્રસારિત કરવાની સાથે જ ૧૯૮૪માં ઈંદિરા ગાંધીની હત્યા પગલે હજારો શીખોની હત્યા કૉંગ્રેસ પક્ષ થકી આચરવામાં આવ્યાની વાતને પણ આગળ કરી છે.

જોકે ખૈહરા થકી બહાર પાડવામાં આવેલાં મનાતાં પ્લેકાર્ડની ડિઝાઈનમાં 'પંજાબ રેફરન્ડમ ૨૦૨૦ ફૉર ખાલિસ્તાન' સ્પષ્ટ વંચાય છે. જોકે પંજાબમાં 'આપ'ના સંયુક્ત સંયોજક ડૉ. બલવીર સિંહે પોતાનો પક્ષ દેશની એકતા અને અખંડિતતા માટે કાર્યરત છે અને આવા કોઈ રૅફરન્ડમને ટેકો આપતો નહીં હોવાનું સ્પષ્ટ કર્યુ છે. તેમનું કહેવું હતું કે ખૈહરાએ રૅફરન્ડમ અંગે કહેલી વાત એમનો અંગત મત હોઈ શકે, પક્ષનો નહીં. ખૈહરા પોતાને ખાલિસ્તાનના સમર્થનમાં કોઈ ઝુંબેશના સમર્થક ગણાવતા નથી, પરંતુ રેફરન્ડમ ૨૦૨૦ ભારતના ભાગલા પછી શીખો સાથે તમામ સરકારોએ આચરેલા ભેદભાવ અને અત્યાચારનું પરિણામ બની રહેશે, એવું એ ઉમેરે છે.

**કેન્દ્ર સરકાર સામે દેખાવો**

દિલ્હી સરકારના આઈએએસ અધિકારીઓના અસહકાર સામે કેજરીવાલનાં ધરણાં છે. દિલ્હીના નાયબ રાજ્યપાલના નિવાસ પર ધરણાં કરી રહેલા મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને એમના સાથી પ્રધાનોને કારણે સરકારી કામકાજ ઠપ રહ્યું. વળી, રવિવારે વડા પ્રધાનના નિવાસનો ઘેરાવ કરવા માટે 'આપ'ના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં મંડી હાઉસ પર એકઠા થયા હતા. પોલીસે એમને આગળ વધતાં અટકાવ્યા એટલું જ નહીં, પાંચેક મેટ્રો સ્ટેશનો પર રેલવેની અવરજવર પણ બંધ કરાયા છતાં હજારો દેખાવકારો ઉમટ્યા હતા. કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહેલા આ દેખાવકારોના ભેગા થવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહીં એની દિલ્હી પોલીસ તકેદારી રાખી રહી છે. દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યો નથી એટલે દિલ્હી પોલીસ કેન્દ્ર સરકાર હસ્તક જ છે. ભાજપ વિપક્ષમાં હતો ત્યારે પૂર્ણ રાજ્યના દરજ્જાની માગણી કરતો હતો, પણ હવે એ વિશે મૌન છે.

**વિપક્ષી એકતા વેરવિખેરના વ્યૂહ**

વિપક્ષો બધા મળીને આગામી લોકસભાની વર્ષ ૨૦૧૯ની ચૂંટણી લડીને ભાજપ અને મિત્રપક્ષોને ઘરભેગા કરવાના સંકલ્પ તો કરે છે, પણ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી સ્થિતિ થઈ રહી છે. કેજરીવાલને 'અર્બન

અનુસંધાન પાના નં ૭ પર